Extra No. 336

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] **TUESDAY, SEPTEMBER 16, 2025 / BHADRA 10, 1947**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ

નં.એમએજી/જાહેરનામું/૨૦૩૫થી૨૦૪૪/૨૦૨૫.-પોલીસ અધિક્ષકશ્રી, પંચમહાલ ગોધરાએ તેમના પત્ર ક્રમાંક : એસ.ઓ.જી./જા.દ./૧૦૧૦/૨૦૨૫ તા.૧૧/૦૯/૨૦૨૫ થી વર્તમાનમાં અને ભુતકાળમાં બનેલ આતંકવાદી તત્વો દ્વારા વિવિધ જગ્યાઓએ બોમ્બ બ્લાસ્ટ દ્વારા જાનહાની, માલ-મિલ્કતોને નુકશાન પહોંચાડી ભયનો માહોલ સર્જવાની ઘટનાઓ ઘટેલ છે અને આ ઘટનાઓમાં મોટે ભાગે બોમ્બ બ્લાસ્ટ માટે જુની સાયકલો તેમજ જુના સ્કુટર અને જુની કારો તથા અન્ય જુના વાહનો તથા તેના સ્પેરપાર્ટ અને ભંગારનો ઉપયોગ આ તત્વો દ્વારા કરાતો હોય છે અને આ પ્રકારની અસામાજીક પ્રવૃત્તિઓ આચરતા તત્વો મોટે ભાગે રાજય બહારના, પરપ્રાંતીય વિસ્તારમાંથી પ્રવેશી ભૌગોલીક પરિસ્થિતીથી વાકેફ થઈ આ પ્રકારની પ્રવૃત્તિ આચરતા હોય છે. જેના કારણે જાહેર સલામતી સુરક્ષા તેમજ શાંતીનું વાતાવરણ જોખમાવાના કારણે આમ નાગરિકો તેમજ પ્રજામાં અસુરક્ષાનો માહોલ ફેલાય છે અને આગામી દિવસોમાં ધાર્મિક તહેવારો જેવા કે, નવરાત્રી, દશેરા, દિવાળી, નવવર્ષ, દેવદિવાળી જેવા મોટા તહેવારો આવતાં હોય સદર પરિસ્થિતિને ધ્યાને રાખી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કથળાય નહિ તે જરૂરી છે.

આ પ્રકારના તત્વોને નિયંત્રણમાં લેવા સારૂ જુની સાયકલ તેમજ સ્કુટર, જુના થ્રી વ્હીલર તથા ભંગારના વાહનોની ખરીદ કરનાર તેમજ ભંગારનો લે-વેચનો ધંધો કરનાર વેપારીએ તથા ભંગારના ગોડાઉન રાખનાર વ્યકિતઓ સંબંધે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબ જાહેરનામું બહાર પાડવામાં આવે અને તેનો અમલ પુરેપુરો કરાવવામાં આવે તો આતંકવાદી તત્વો દ્વારા આચરવામાં આવતી બોમ્બ બ્લાસ્ટની પ્રવૃત્તિને અંજામ આપતા પહેલાં જ અંકુશમાં લઈ શકાય તે ધ્યાને રાખી દરખાસ્ત મોકલી આપેલ છે. ઉપરોકત હકીકતે જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

આથી હું જે.જે.પટેલ (જી.એ.એસ.) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ ગોધરા, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ પંચમહાલ જિલ્લાના હદ વિસ્તારમાં નીચે મુજબના રજીસ્ટર નિભાવવા અને ઝેરોક્ષ રાખવા હુકમ કરૂ છું.

(૧) જુની સાયકલ, સ્કુટર, થ્રીવ્હીલ, ફોરવ્હીલની ખરીદ કરનાર તથા વેચનાર વ્યકિતએ નીચે મુજબના કોલમ મુજબનુ રજીસ્ટર નિભાવવાનું રહેશે.

અ.નં	વેચનારનું નામ સરનામું અને વેચવાનું કારણ	ખરીદનારનું પુરેપુરૂ નામ સરનામું, મોબાઈલ નંબર	ખરીદનારનું આઈ.ડી. પ્રુફ તથા રેસીડન્ટ પ્રુફની વિગત	જુનું વાહન ખરીદવાનું/ ખરીદયા અંગેનું કારણ અને તારીખ	એન્જીન/ચેસીસ નંબર/મોડલ નંબર/ રજીસ્ટ્રેશન નંબર વિગેરેની વિગત અંગેની ઝેરોક્ષ રાખવી.
(૧)	(૨)	(૩)	(૪)	(૫)	(૬)

(૨) ભંગારની ખરીદ તથા વેચાણ કરનાર વ્યકિતએ નીચે મુજબના કોલમ મુજબનું રજીસ્ટર નિભાવવાનું રહેશે.

અ.નં	ભંગાર લાવનારના આઈ. ડી. પ્રુફની વિગત સંપર્ક નંબર	ભંગાર કોની પાસેથી લાવ્યા તેનું નામ, સરનામું અને અને સંપર્ક નંબર	ભંગાર કઈ તારીખે લાવ્યા	કેવા-કેવા પ્રકારનું ભંગાર લાવ્યા તેની વિગત	ભંગાર કોને વેચવામાં આવ્યું અને કઈ તારીખે વેચવામાં આવ્યું તેનું નામ સરનામું તથા સંપર્ક નંબર	ભંગારનો ધંધો કરતા ઈસમોના નામ સરનામુ	ભંગારનો ધંધો કરનારે પોલીસ કલીયરન્સ સર્ટીફીકેટ બાયોડેટા સ્થાનીક પોલીસમા જમા કરાવવા
(૧)	(૨)	(૩)	(૪)	(૫)	(૬)	(૭)	(૮)

૧. જુનુ ફોરવ્હીલર, થ્રી, ટુ વ્હીલર તેમજ ભંગારના વાહનો ખરીદનારને અવશ્ય બીલ આપવું અને તેની સ્થળપ્રત કબજામાં રાખવી.

૨. વેચાણ લેનાર ગ્રાહકનું ડ્રાઈવીંગ લાયસન્સ, પાનકાર્ડ, ઈલેકશનકાર્ડ, રેશનકાર્ડ કે નોકરી કરતા હોય તો ત્યાંનું ઓળખપત્ર કે શૈક્ષણિક સંસ્થાનું પ્રમાણપત્ર કે સ્થાનિક અગ્રણીઓ જેવા કે મ્યુનિસિપલ કોર્પોરેટર, ધારાસભ્યશ્રી, સંસદ સભ્યશ્રી, કોઈપણ ખાતાના રાજયપત્રિત અધિકારીશ્રી તરફથી મેળવેલ ઓળખપત્ર/પ્રમાણપત્ર પૈકી કોઈપણ એક પુરાવો ઓળખ માટે ગ્રાહક પાસેથી આવા વાહનોના વેચાણકર્તાએ મેળવવાનો રહેશે.

૩. બીલમાં ખરીદનારનું પુરૂ નામ/સરનામું, સંપર્ક માટે ટેલીફોન/મોબાઈલ નંબર લખવો.

૪. વેચાણ બીલમાં જુના વાહનનો એન્જીન નંબર, મોડલ નંબર, રજીસ્ટેશન નંબર/ચેસીસ નંબર લખવો.

આ જાહેરનામાંના અમલ અંગે ચકાસણીના કિસ્સાઓમાં રેકર્ડ/રજીસ્ટરો વિગેરેની ચકાસણી પો.સ.ઈ.થી નીચલા દરજ્જાના ન હોય તેવા અધિકારી જ કાર્યવાહી કરી શકશે.

આ હુકમનો અમલ હુકમ થયા તારીખથી બે માસ સુધી અમલમાં રહેશે.

આ હુકમ અન્વયે પંચમહાલ જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ કે તેથી ઉપરનો હોદો ધરાવનાર તમામ અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લઘંન કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે અને તે હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તા.૧૬મી-સપ્ટેમ્બર-૨૦૨૫ ના રોજ મારી સહી અને કચેરીનો સિકકો કરવામાં આવ્યો.

જે. જે. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
પંચમહાલ-ગોધરા

હુકમ

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ

નં.એમએજી/જાહેરનામું/૨૦૪૫થી૨૦૫૪/૨૦૨૫.-પોલીસ અધિક્ષકશ્રી, પંચમહાલ ગોધરાએ તેમના પત્ર ક્રમાંક : એસ.ઓ.જી./જા.દ./૧૦૧૧/૨૦૨૫ તા.૧૧/૦૯/૨૦૨૫ થી વર્તમાનમાં અને ભુતકાળમાં બનેલ અને તાજેતરમાં વિવિધ જગ્યાઓએ બોમ્બ બ્લાસ્ટ ધ્વારા જાનહાની, માલ મિલ્કતોને નુકશાન પહોચાડી ભયનો માહોલ સર્જવાની ઘટનાઓ ઘટેલ છે અને આગામી દિવસોમાં ધાર્મિક તહેવારો જેવા કે નવરાત્રી, દશેરા, દિવાળી, નવુ વર્ષ, દેવદિવાળી જેવા મોટા તહેવારો આવે છે. આ તહેવારો દરમ્યાન મોટાભાગે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી કથળાતી હોય છે. તેમજ બજારમાં મોબાઈલ ફોનના સીમકાર્ડ માન્ય પુરાવાની તેમજ ખરીદનાર વ્યકિતની બરાબર ચકાસણી કર્યા વગર તેમજ બોગસ દસ્તાવેજોના આધારે સીમકાર્ડ મેળવતા હોય છે અને તે સીમકાર્ડો આધારે રાજય તેમજ જીલ્લામાં બનાવટી કોલ દ્વારા ધમકી આપવાના, સાયબર ક્રાઈમને લગતા ગુના, ખંડણી માગવાના, અપશબ્દો બોલવાના, મહીલાઓની જાતિય સતામણી કરવાના તેમજ ખોટી માહીતી આપવાના કિસ્સાઓ તથા ઘરફોડ ચોરીઓ, લુટ-ધાડ, ચીલઝડપ વિગેરે ગુનાઓમાં પણ મોબાઈલ ફોન અને સીમકાર્ડનો ઉપયોગ કરી ચોરી કે લૂંટમાં મેળવી બજારમાં વેચી દેતા હોવાનું ભૂતકાળમાં બનેલ બનાવો પરથી જણાઈ આવેલ છે. તે માટે મોબાઈલ ફોન તથા સીમકાર્ડની લે-વેચ કરતા દુકાનદારો ઉપર નિયંત્રણ મુકવું જરૂરી છે. ઘણી વખત તપાસ એજન્સીઓ મારફતે વપરાશકર્તા સુધી પહોચવામાં આવે ત્યારે જાણવા મળે છે કે તેમણે કોઈ અજાણ્યા માણસ પાસેથી મોબાઈલ

ફોન ખરીદેલ જે મોબાઈલ ફોન ખરીદનાર/વેચનારને ચોરાયેલ અથવા ગુનામાં વપરાયેલ હોવાની માહીતી હોતી નથી અને ગુનાના મુળ સુધી તપાસ એજન્સી પહોચે ત્યારે જાણવા મળે છે કે એમને કોઈ અજાણી વ્યકિતએ આપેલ છે. જેના કારણે ચોક્કસ આરોપી પકડી શકાતો નથી. જે બાબતોને ધ્યાને રાખી જીલ્લાના ડિસ્ટ્રીબ્યુટર/રીટેઈલર વિક્રેતાઓ દ્વારા મોબાઈલ સીમકાર્ડ તેમજ જુના-નવા મોબાઈલ ફોન વેચાણ કરતી વખતે સીમકાર્ડ તથા મોબાઈલ ફોન ખરીદનાર વ્યકિતનું માન્ય ઓળખપત્ર, રહેઠાણનો પુરાવો વિગેરે દસ્તાવેજો ચકાસવા તેમજ સીમકાર્ડ તેમજ મોબાઈલ વેચાણ સંદર્ભમાં ખરીદ કરનારના નામ સરનામાની માહીતીનું રજીસ્ટર નિભાવવા અંગે જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવે તો ઉપરોકત તમામ અસામાજીક પ્રવૃત્તિઓ ઉપર મહદઅંશે અંકુશમાં લાવી શકય તેમ હોઈ આ બાબતે જાહેરનામું પ્રસિધ્ધ કરવા વિનંતી કરેલ છે.

ઉપરોકત બાબતો ધ્યાને લઈને જિલ્લાના ડીસ્ટ્રીબ્યુટર/રીટેઈલર વિક્રેતા દ્વારા મોબાઈલના સીમકાર્ડ વેચાણ કરતી વખતે ખરીદનાર વ્યકિતનું માન્ય ઓળખપત્ર તથા રહેઠાણના પુરાવા વિગેરે દસ્તાવેજો ચકાસવા તેમજ સરનામાની માહિતીનું રજીસ્ટર નિભાવવા અંગે અને જિલ્લામાં બોગસ દસ્તાવેજોના આધારે સીમકાર્ડ ખરીદ કરી તે દ્વારા બનાવટી કોલ દ્વારા ધમકી આપવાના, સાઈબર ક્રાઈમને લગત, ખંડણી માંગવાના, અપશબ્દો બોલવાના, મહિલાઓની જાતિય સતામણી કરવાના તથા ખોટી માહિતી આપવાના કિસ્સાઓ તથા ઘરફોડ ચોરી, લૂંટ-ફાટ. ચીલઝડપ વિગેરે ગુનાઓને અંકુશમાં લાવી શકાય તે માટે અત્રેના જિલ્લામાં જાહેરનામું પ્રસિધ્ધ કરવું જરૂરી જણાય

આથી હું જે.જે.પટેલ (જી.એ.એસ.) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ ગોધરા, ભારતીય નાગરીક સુરક્ષા સહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ પંચમહાલ જિલ્લાના વિસ્તારમાં મોબાઈલમાં ઉપયોગમાં લેવામાં આવતાં સીમકાર્ડ વેચાણ કરતા વિક્રેતાઓ/વેપારીઓએ સીમકાર્ડ વેચાણ કરતાં પૂર્વે તે ખરીદ કરનાર વ્યકિતનું ફોટો ઓળખકાર્ડ, રહેઠાણના પુરાવા વિગેરે દસ્તાવેજો મેળવી રાખવાના રહેશે, તે અંગેનું રેકર્ડ રાખવા તથા નીચેના નમુનામાં રજીસ્ટર નિભાવવા હુકમ કરૂ છું.

મોબાઈલ ખરીદતી વખતે વેપારીએ નિભાવવાનું રજિસ્ટર

અ.નં.	મોબાઈલ ફોનની વિગત/કંપની	IMEI નંબર	મોબાઈલ વેચનાર/ખરીદનારના નામ સરનામાંની વિગત	આઈ.ડી. પ્રૂફની વિગત
(૧)	(૨)	(૩)	(૪)	(૫)

નવા/જુના મોબાઈલ વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજિસ્ટર

અ.નં.	મોબાઈલ ફોનની વિગત/કંપની	IMEI નંબર	મોબાઈલ ફોન વેચનાર/ખરીદનારના નામ સરનામાંની વિગત	આઈ.ડી. પ્રૂફની વિગત
(૧)	(૨)	(૩)	(૪)	(૫)

નવું સીમકાર્ડ વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજિસ્ટર

અ.નં.	સીમકાર્ડની વિગત/કંપની નું નામ	સીમકાર્ડ નંબર	સીમકાર્ડ ખરીદનારના નામ સરનામાંની વિગત	આઈ.ડી. પ્રૂફની વિગત	સીમકાર્ડ ખરીદનારની સહી
(૧)	(૨)	(૩)	(૪)	(૫)	(૬)

જાહેરનામાંના અમલ અંગે ચકાસણીના કિસ્સાઓમાં રેકર્ડ/રજીસ્ટરો વિગેરેની ચકાસણી પો.સ.ઈ.થી નીચલા દરજ્જાના ન હોય તેવા અધિકારી જ કાર્યવાહી કરી શકશે.

આ હુકમ અન્વયે પંચમહાલ જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ કે તેથી ઉપરનો હોદો ધરાવનાર તમામ અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લઘંન કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે અને તે હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તા.૧૬મી સપ્ટેમ્બર-૨૦૨૫ ના રોજ મારી સહી અને કચેરીનો સિકકો કરવામાં આવ્યો.

જે. જે. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
પંચમહાલ-ગોધરા

હુકમ

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ

નં.એમએજી/જાહેરનામું૨૦૫૫ થી ૨૦૬૪/૨૦૨૫.-પોલીસ અધિક્ષકશ્રી, પંચમહાલ ગોધરાએ તેમના પત્ર ક્રમાંક : એસ.ઓ.જી./જા.દ./૧૦૧૨/૨૦૨૫ તા.૧૧/૦૯/૨૦૨૫ થી વર્તમાનમાં અને ભુતકાળમાં બનેલ વિવિધ જગ્યાઓએ બોમ્બ બ્લાસ્ટ ધ્વારા જાનહાની, માલ-મિલ્કતોને નુકશાન પહોચાડી ભયનો માહોલ સર્જવાની ઘટનાઓ બનતી છે અને આ પ્રકારની અસામાજીક પ્રવૃત્તિઓ આચરતા તત્વો મોટે ભાગે રાજય બહારના વિસ્તારમાંથી પ્રવેશી ખાનગી વાહનોના ઉપયોગ દ્વારા હોટલ/ગેસ્ટ હાઉસ, મોટા રેસ્ટોરન્ટ, બેંકીંગ સંસ્થાઓ, એ.ટી.એમ. સેન્ટરો,

મલ્ટી પ્લેકસ થીયેટર, લોજીંગ, બોડીંગ, ધર્મશાળાઓ, આંગડીયા પેઢીઓ, ઔધિગીક એકમો, પેટ્રોલપંપો, ટોલ પ્લાઝા, ધાર્મિક સ્થળો, સોના-ચાંદીની દુકાનો, કોર્મશીયલ સેન્ટરો સહીતના જાહેર સ્થળોએ રોકાણ કરી હીલચાલ કરી ભૌગોલીક પરિસ્થિતિથી વાકેફ થઈ આ પ્રકારની પ્રવૃત્તિ આચરતા હોય છે. જેના કારણે જાહેર સલામતી સુરક્ષા તેમજ શાંતીનું વાતાવરણ જોખમાવાના કારણે આમ નાગરિકો તેમજ પ્રજામાં અસુરક્ષાનો માહોલ ફેલાય છે અને આગામી દિવસોમા ધાર્મિક તહેવારો જેવા કે નવરાત્રી, દશેરા, દિવાળી, નવુવર્ષ, દેવદિવાળી જેવા મોટા તહેવારો આવતાં હોય જેથી પરિસ્થિતિને ધ્યાને રાખી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કથળાય નહિ તે જરૂરી છે.

આ પ્રકારના તત્વોને નિયંત્રણમાં લેવા સારૂ તેઓ ઉપર સઘન દેખરેખ રાખી શકાય તેમજ આ પ્રકારની પ્રવૃત્તિઓના બનાવો અટકાવી શકાય તે હેતુસર ઉપરોકત તમામ જગ્યાઓએ સી.સી.ટી.વી.કેમેરા (નાઈટ વિઝન તથા હાઈ ડેફીનેશન) વીથ રેકોર્ડીંગ સીસ્ટમ રાખવા સબંધિત માલિકો, મેનેજરો, સંચાલક, ટ્રસ્ટીઓને અમલવારી કરવાથી આતંકવાદી તત્વો ધ્વારા આચરવામાં આવતી બોમ્બ બ્લાસ્ટની પ્રવૃતિને અંજામ આપતા પહેલાંજ અંકુશમાં લઈ શકાય અને ગુનાખોરી પ્રવૃતિઓ જેવી કે ચોરી, ધાડ, લુંટ, ચીલઝડપ જેવા મિલ્કત સંબંધી ગુન્હાઓ બનતા અટકાવી શકાય અને ગુન્હા બન્યા પછી તેનો ભેદ ઉકેલવામાં તપાસ એજન્સીઓને મદદ મળી રહે તે માટે પોલીસ અધિક્ષકશ્રી, પંચમહાલ ગોધરાએ જાહેરનામું બહાર પાડવા માંગણી કરેલ છે. કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટિએ જોતાં ઉકત માંગણી વ્યાજબી જણાય છે.

પંચમહાલ જિલ્લામાં ઉપરોકત બાબતે જાહેર સુરક્ષા, સલામતીની દ્રષ્ટિએ તકેદારીના પગલાં રૂપે આ કામે જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાતાં, હું જે.જે.પટેલ (જી.એ.એસ.) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ પંચમહાલ ગોધરા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવુ છું કે,

પંચમહાલ જિલ્લાની હદ વિસ્તારમાં આવેલ તમામ હાઈ-વે ઉપરની હોટલો, ધર્મશાળાઓ, પેટ્રોલપંપો, ટોલ પ્લાઝાઓ, હોટલ/ગેસ્ટ હાઉસ, મોટા રેસ્ટોરન્ટ, બેન્કીંગ સંસ્થાઓ, એ.ટી.એમ સેન્ટરો, મલ્ટીપ્લેક્સ થીયેટર, લોજીંગ, બોર્ડીંગ, ધર્મશાળાઓ, સોના ચાંદીની દુકાનો, કોર્મશીયલ સેન્ટરો વિગેરે જેવા સ્થળો ખાતે સબંધીત માલિકો, ટ્રસ્ટીઓ, વહીવટકર્તાશ્રીઓએ નીચે દર્શાવ્યા મુજબની વ્યવસ્થા કરવાની રહેશેઃ-

(૧) જિલ્લામાં આવેલ તમામ હોટલ/ગેસ્ટ હાઉસ, મોટા રેસ્ટોરન્ટ, બેન્કીંગ સંસ્થાઓ, એ.ટી.એમ. સેન્ટરો, મલ્ટીપ્લેક્સ-થીયેટર, લોજીંગ, બોર્ડીંગ, ધર્મશાળાઓ, આંગડીયા પેઢીઓ, ઔદ્યોગિક એકમો, ધાર્મિક સ્થળો, સોના ચાંદીની દુકાનો, કોર્મશીયલ સેન્ટરો, પેટ્રોલપંપો ખાતેના ફીલીંગ સ્ટેશન તથા બાજુમાં આવેલ દુકાનો ઉપર તથા હોટલના ભોજનકક્ષા તથા બાજુમાં આવેલ દુકાનો ઉપર તથા હાઈવે ઉપર આવેલ તમામ ટોલ પ્લાઝાઓ ઉપર વાહનનો રજીસ્ટ્રેશન નંબર સ્પષ્ટ રીતે દેખાય તે રીતે, તેમજ વાહન ચાલક તથા તેની બાજુમાં બેઠેલી વ્યકિતનું વિડીયો રેકોર્ડીંગ થઈ શકે તેમજ બેંકીગ સંસ્થાઓ, આંગડીયા પેઢીઓ, સોના-ચાંદીની દુકાનો અને કોમર્શીયલ સેન્ટરોમાં આવતાં-જતા તમામ વ્યકિતઓ સ્પષ્ટ રીતે ઓળખી શકાય તે રીતે સી.સી.ટી.વી કેમેરા, નાઈટવીઝન કેમેરા, હાઈડેફીનેશન સાથે ગોઠવવાના રહેશે.

(૨) સી.સી.ટી.વી (નાઈટવીઝન તથા હાઈડેફીનેશન) વીથ રેકોર્ડીંગ સીસ્ટમની વ્યવસ્થા કરવાની રહેશે.

(૩) સી.સી.ટી.વી.કેમેરાનો ડેટા ઓછામાં ઓછા ૧૫ દિવસ સુધી સંગ્રહ કરવા તથા તે જોવાની જવાબદારી જે તે જગ્યાના સંચાલકશ્રીની રહેશે.

(૪) બિલ્ડીંગના બહારના ભાગે પી.ટી.ઝેડ. કેમેરા ગોઠવવા.

(૫) તમામ પાર્કીંગની જગ્યાઓમાં સંપૂર્ણ જગ્યાનું કવરેજ થાય તે રીતે કેમેરા ગોઠવવા.

(૬) રીસેપ્શન સેન્ટર, લોબી, બેઝમેન્ટ તથા જાહેર પ્રજા માટે જયાં પ્રવેશ હોય ત્યાં તમામ જગ્યાઓનું સંપૂર્ણ કવરેજ થાય તે રીતે કેમેરાઓ ગોઠવવા.

જાહેરનામાંના અમલ અંગે ચકાસણીના કિસ્સાઓમાં રેકર્ડ/રજીસ્ટરો વિગેરેની ચકાસણી પો.સ.ઈ.થી નીચલા દરજ્જાના ન હોય તેવા અધિકારી જ કાર્યવાહી કરી શકશે.

આ હુકમનો અમલ હુકમ થયા તારીખથી બે માસ સુધી અમલમાં રહેશે.

આ હુકમ અન્વયે પંચમહાલ જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ કે તેથી ઉપરનો હોદો ધરાવનાર તમામ અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લઘંન કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે અને તે હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તા.૧૬મી સપ્ટેમ્બર-૨૦૨૫ ના રોજ મારી સહી અને કચેરીનો સિકકો કરવામાં આવ્યો.

જે. જે. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
પંચમહાલ-ગોધરા

હુકમ

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ

નં.એમએજી/જાહેરનામું/૨૦૬૫થી/૨૦૨૪/૨૦૨૫.-પોલીસ અધિક્ષકશ્રી, પંચમહાલ ગોધરાએ તેમના પત્ર ક્રમાંક : એસ.ઓ.જી./જા.દ./૧૦૧૩/૨૦૨૫ તા.૧૧/૦૯/૨૦૨૫ થી અગાઉ પુલવામા ખાતે સી.આર.પી.એફ. ના કાફલા ઉપર થયેલ આતંકવાદી હુમલો, અસામાજીક તત્વો ધ્વારા જમ્મુ કાશ્મીર ખાતે થયેલ બોમ્બ બ્લાસ્ટ તથા મહારાષ્ટ્ર રાજયના પુના શહેરના ભરચક વિસ્તારમાં જંગલી મહારાજ રોડ ઉપર લગભગ ૪૦ મીનીટના સમયગાળામાં અને ફકત એક કિલોમીટરના દાયરામાં "Low-intensity" ના ચાર સીરીયલ બોમ્બ બ્લાસ્ટ કરવામાં આવેલ છે તથા તે બોમ્બ એ.ટી.એસ. દ્વારા ડીફયુઝ કરવામાં આવેલ છે. તદઉપરાંત નવી દિલ્હી ખાતે માનનીય વડાપ્રધાનશ્રીના નિવાસ સ્થાન નજીક ઈઝરાઈલી

એમ્બેસીના વાહન ઉપર તા.૧૩/૨/૨૦૧૨ ના રોજ આતંકવાદી હુમલો કરવામાં આવેલ છે તેમજ તા.૭/૯/૨૦૧૧ ના રોજ દિલ્હી હાઈકોર્ટના બહારના ભાગે બોમ્બ બ્લાસ્ટ થયેલ તથા ગુજરાત રાજયમાં ૧૭ જગ્યાએ બોમ્બ બ્લાસ્ટ ધડાકા થયેલ છે અને અમદાવાદ શહેર, સુરત શહેરમાં જુલાઈ-૨૦૦૮ માં થયેલ બોમ્બ ધડાકા ઉપરથી જણાય છે કે આવા ત્રાસવાદી, અસામાજીક તત્વો શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી પોતે નકકી કરેલ કૃત્યને અંજામ આપી નિર્દોષ માણસોની જીંદગીની ખુવારી કરી જાહેર સલામતી અને શાંતીનો ભંગ કરે છે તેમજ આગામી દિવસોમાં ધાર્મિક તહેવારો જેવા કે નવરાત્રી, દશેરા, દિવાળી, નવુવર્ષ, દેવદિવાળી જેવા મોટા તહેવારો આવે છે અને આ તહેવારો દરમ્યાન મોટાભાગે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી કથળાય નહિ તે જરૂરી છે. આ બાબત ધ્યાને લઈ તમામ અસામાજીક પ્રવૃત્તિઓ મહદઅંશે અંકુશમાં લઈ શકાય તે અંગે પોલીસ અધિક્ષકશ્રી, પંચમહાલ ગોધરાએ જાહેરનામું બહાર પાડવા માંગણી કરેલ છે. કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટિએ જોતાં ઉકત માંગણી વ્યાજબી જણાય છે.

કોઈ ત્રાસવાદી, અસામાજીક તત્વો રહેણાંક તથા ઔદ્યોગિક વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે તેમજ માનવ જીંદગીની ખુમારી થાય અને જાહેર જનતાની સંપતિને નુકશાન પહોંચાડવાની કોશિશ કરે છે. આવી જગ્યા વિગેરેનો બહારના રાજયના માણસો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃતિઓને અંજામ આપતા હોય છે. આ માટે ત્રાસવાદી તત્વો શહેરમાં તથા જીલ્લાના અલગ-અલગ વિસ્તારોમાં મજુરી, કડીયાકામ, ઈંટોના ભઠ્ઠા, હોટલ, ધાબા, રેસ્ટોરન્ટસ, ગેસ્ટહાઉસ, ફેકટરી, કારખાના, નાની-મોટી ખાણીપીણીની દુકાનો, લારીઓ તથા કલરકામ કરતાં કારીગરો તરીકે રોજગારીઓ મેળવી આપી રહેણાંક તથા ઔદ્યોગિક વિસ્તારોમાં મકાન/એકમો ભાડે રાખી રહેતા હોય છે તેવું અગાઉ બનેલા કિસ્સાઓમાં જાણવા મળ્યુ છે.

આ બાબતે જીલ્લાના અલગ-અલગ વિસ્તારમાં મકાનો, એકમો તથા દુકાનો ભાડે આપતા માલિકોએ ખાવા શંકાસ્પદ વ્યકિતઓથી તંત્રને નિયમિત રીતે માહિતગાર કરવા અગર ન કરે તો તેના ઉપર નિયંત્રણો મૂકવા જરૂરી જણાય છે.

આથી હું જે.જે.પટેલ (જી.એ.એસ.) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ ગોધરા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છું કે, પંચમહાલ જિલ્લાના વિસ્તારમાં કોઈ રહેણાંક તેમજ ઔદ્યોગિક માલિક અગર તો આ માટે આવા એકમ, દુકાન, મકાન માલિકે ખાસ સત્તા આપેલ વ્યકિત જયારે એકમ, દુકાન, મકાન ભાડે આપે ત્યારે સબંધિત પોલીસ સ્ટેશને જાણ કર્યા સિવાય કોઈ વ્યકિતને એકમ, દુકાન, મકાન ભાડે આપી શકશે નહીં. ભાડે આપેલ એકમ, દુકાન, મકાનની વિગત, ભાડુઆત અને સંબંધિત દલાલ કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહિતી નીચેના કોષ્ટક મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

મિલ્કત ભાડે આપવા અંગેની પોલીસને જાણ કરવા માટેનું નિયત ફોર્મ પંચમહાલ જિલ્લામાં ભાડે આપેલ હોય તેની વિગત

(મકાન/ટેનામેન્ટ/ફ્લેટસ/ડુપ્લેક્ષ/દુકાન/ગોડાઉન/શેડ/પ્લોટ વિગેરે મિલ્કત)

પો.ઈન્સ./પો.સ.ઈ.શ્રી ..... પોલીસ સ્ટેશન ..... પંચમહાલ

તા...../...../.....૨૦૨૫

મિલ્કત માલીકનું નામ શ્રી/શ્રીમતી .....

જન્મ તારીખ (ઉંમર) ..... સરનામું .....

ફોન નં. (ઘર).....(ઓફીસ).....(મો. નં.).....

મિલ્કત ભાડે રાખનારનું નામ શ્રી/શ્રીમતી .....

જન્મ તારીખ (ઉંમર) ..... સરનામું .....

ફોન નં. (ઘર).....(ઓફીસ).....(મો. નં.).....

(ભાડે રાખેલ મિલ્કત)નો ફોન નંબર ..... મો. નં.....

ફોન નં. (ઘર).....(ઓફીસ).....(મો. નં.).....

કેટલા ટાઈમ માટે ભાડે આપેલ તે સમયગાળો ..... રીન્યુઅલ તારીખ .....

ભાડુઆતનું કાયમી વસવાટનું સરનામું (વતનનું) .....

ફોન નં. (ઘર).....(ઓફીસ).....(મો. નં.).....

નોકરી/ધંધો/વ્યવસાયનું સરનામું.....

ભાડુ કેટલુ ..... ડીપોઝીટ.....

નિયમો :-

(૧) આ ફોર્મ સંપૂર્ણ રીતે ભરીને મિલ્કત માલિક અને ભાડુઆતે તે દિવસે જે તે પો. સ્ટેશનમાં જમા કરાવવાનું રહેશે.

(૨) આ ફોર્મ સંપૂર્ણ ભરાયા પછી તેની બે નકલ કાઢવાની રહેશે. જે તે પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે જેની એક નકલ પોલીસ સ્ટેશનના સહી-સિક્કા સાથે પરત આપશે જે સાચવી રાખવાની રહેશે.

(૩) તમારી મિલ્કત કોઈનો કબજો સુપ્રત કરતા હોય જાત તપાસ કરવી આવશ્યક છે.

(૪) સિંગલ યુવક યુવતીઓને મિલ્કત ભાડે આપો ત્યારે તેના વાલીનાં સંમતિપત્ર મેળવવાનું રહેશે. તે આ સાથે સામેલ કરવું.

(૫) ભાડે રાખનારે તેમનું ડ્રાઈવીંગ લાયસન્સ, પાનકાર્ડ, ઈલેકશન કાર્ડ, કંપનીનો લેટરપેડ રજુ કરવાના રહેશે.

(૬) જુના ભાડુઆતો કે જે હાલ ભાડુઆત તરીકે ચાલુ હોય તેમના સંબંધમાં પણ આ ફોર્મ ભરવાનું રહેશે અને તે ભરવાની જવાબદારી ભાડુઆતની રહેશે.

(૭) બહારના રાજ્યના વ્યક્તિએ આ સાથે રૂા. ૩૦૦ના સ્ટેમ્પ પેપર ઉપર ભાડાના એગ્રીમેન્ટની નોટરી કરેલ ઝેરોક્ષ કોપી સાથે આપવાની રહેશે.

(૮) મિલ્કત ખાલી કરી ત્યારે લેખિતમાં પોલીસ સ્ટેશનમાં જાણ કરવાની રહેશે.

(૯) બને ત્યાં સુધી આપણી મિલ્કત સાક્ષી/એજન્ટ/સંબંધીઓને રાખી આપવી.

(૧૦) મિલક્તના માલિક અને ભાડુઆતના અંગુઠાનું નિશાન અને સહીઓ પોલીસ સ્ટેશનમાં જવાબદાર અધિકારી રૂબરૂ કરવાનું રહેશે.

એજન્ટનું નામ શ્રી/શ્રીમતી .....

એજન્ટનું સરનામું .....

ફોન નં. (ઘર).....(ઓફીસ).....(મો. નં.).....

ભાડુઆતના સબંધીની વિગત અને સરનામું.....

(૧) ફોન નં. (ઘર).....(ઓફીસ).....(મો. નં.).....

(૨) ફોન નં. (ઘર).....(ઓફીસ).....(મો. નં.).....

ભાડુઆતનો પાસપોર્ટ સાઈઝનો ફોટો	મિલ્કત માલિકનો પાસપોર્ટ સાઈઝનો ફોટો	પોલીસ સ્ટેશનના સહી સિક્કો અને તારીખ

સાક્ષીની સહી ભાડુઆતની સહી મકાન માલીકની સહી એજન્ટની સહી

આ હુકમનો અમલ હુકમ થયા તારીખથી બે માસ સુધી અમલમાં રહેશે.

આ હુકમ અન્વયે પંચમહાલ જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ કે તેથી ઉપરનો હોદો ધરાવનાર તમામ અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લઘંન કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે અને તે હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તા.૧૬મી સપ્ટેમ્બર-૨૦૨૫ ના રોજ મારી સહી અને કચેરીનો સિકકો કરવામાં આવ્યો.

જે. જે. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
પંચમહાલ-ગોધરા

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ

નં.એમએજી/જાહેરનામું/૨૦૭૫ થી ૨૦૮૪/૨૦૨૫.-પોલીસ અધિક્ષકશ્રી, પંચમહાલ ગોધરાએ તેમના પત્ર ક્રમાંક : એસ.ઓ.જી./જા.દ./૧૦૧૪/૨૦૨૫ તા.૧૧/૦૯/૨૦૨૫ થી દેશના અલગ અલગ રાજયોમાં તથા ગુજરાતમાં ભુતકાળમાં બનેલા અનેક રાષ્ટ્રવિરોધી બનાવો જેવા કે બોમ્બ બ્લાસ્ટ જેવા બનાવો બનેલ છે જે બનાવોને અંજામ આપતા આરોપીઓ મોટે ભાગે રાજય બહારના અને જીલ્લા બહારના હોય છે જે આરોપીઓ શરૂઆતમાં એક આમ નાગરિક તરીકે ઉપરોકત વિષયમા જણાવેલ દુકાનો, એકમો કામ કરવા સારૂ રોજગારી મેળવવાના બહાને રોજગારી મેળવી રોકાઈ અને સ્થાનીક ભૌગોલીક પરીસ્થિતી થી વાકેફ થઈ અને ભાંગફોડીયા પ્રવૃતિ, ચોરી, લુંટ, ધાડ, હત્યા જેવા ગંભીર પ્રકારના ગુનાઓને અંજામ આપી રોજગારી મેળવી હોય તે જગ્યાએથી મેળવી હોય તે જગ્યાથી નાસી જતા હોય છે અને તપાસ કરનાર એજન્સીઓ જયારે ગુનાઓનો ભેદ ઉકેલવાની નજીક સુધી પહોંચે ત્યારે પાછળથી જાણવા મળે છે કે ગુનો કરનાર વ્યકિતનુ પુરેપુરૂ નામ સરનામુ, વતનનું સરનામું તેમજ તેને કામદાર તરીકે લાવનાર એજન્ટનુ નામ સરનામું તેમજ તેનો અગાઉનો પૂર્વ ઈતીહાસ વિગેરે માહિતી કામદાર તરીકે રાખનાર માલીક પાસે ઉપ્લબ્ધ હોતી નથી. જેના કારણે આવા કૃત્યો કરનાર ઈસમો ઝડપથી પકડી શકાતા નથી. અને નકકી કરેલ કૃત્યને અંજામ આપી નિર્દોષ માણસોની જીંદગીની ખુવારી કરી જાહેર સલામતી અને શાંતીનો ભંગ કરે છે. આગામી દિવસોમાં ધાર્મિક તહેવારો જેવા કે નવરાત્રી, દશેરા, દિવાળી, નવુવર્ષ, દેવદિવાળી જેવા મોટા તહેવારો આવે છે. જેથી પરિસ્થિતીને ધ્યાને રાખી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી કથળાય નહી તે જરૂરી છે.

અસામાજીક તત્વો વ્યવસાયિક જગ્યાઓએ નોકરીના બહાના હેઠળ આશરો મેળવી સર્વે કરી ભવિષ્યમાં જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરતા હોવાનું ધ્યાને આવેલ છે. આવા ઈસમો માનવ જીંદગીની ખુવારી અને જાહેર જનતાની સંપતિને નુકશાન પહોંચાડવાની કોશિશ કરે છે અને સ્થાનિક પરિસ્થિતીથી માહિતગાર થઈને તેઓની અસામાજીક પ્રવૃત્તિઓની અંજામ આપતા હોય છે. આવા અસામાજીક તત્વો શહેરમાં તથા જિલ્લાના અલગ અલગ વિસ્તારોમાં મજુરો, કડીયાકામ, ઈંટોનાભઠ્ઠા, હોટલ, ધાબા, રેસ્ટોરન્ટ, ગેસ્ટહાઉસ, ફેકટરી, કારખાના, ખાણીપીણીની દુકાનો, લારીઓ તથા કલરકામ કરતા કારીગર તરીકે રોજગારીઓ મેળવતા હોય છે. આવા શંકાસ્પદ વ્યકિતઓથી તંત્રને નિયમિત રીતે માહિતગાર કરે તેવા શુભ આશયથી તથા જો તેમ ન કરે તો તેના ઉપર થોડાક નિયંત્રણો મુકવા જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે. કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટિએ જોતાં આ કામે નિયંત્રણ મુકતુ જાહેરનામું બહાર પાડવુ વ્યાજબી જણાય છે.

આથી હું જે.જે. પટેલ (જી.એ.એસ.) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ ગોધરા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છું કે, પંચમહાલ જિલ્લા હદ વિસ્તારમાં જિલ્લા તથા રાજય બહારના મજુરો, કડીયાકામ, ઈંટોના ભઠ્ઠાં, હોટલ, ધાબા, રેસ્ટોરન્ટ, ગેસ્ટહાઉસ, ફેકટરી, કારખાના, ખાણીપીણીની દુકાનો, લારીઓ તથા કલરકામ વિગેરે સ્થળોએ કારીગર તરીકે કામગીરી કરી રોજગારીઓ મેળવતા હોય તેવા ઈસમોને તેઓને કામે રાખનાર જે તે એકમના માલિક, એજન્ટ, દલાલ કે મુકાદમ વિગેરેએ સબંધિત કામદાર/કારીગર/મજુરને લગતી માહિતી નીચેના દર્શાવેલ નિયત નમુનાના ફોર્મમાં ભરી સબંધીત પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

રાજય/જીલ્લા બહારના મજુરો કામદાર તરીકે રાખવા અંગે માલીકે સબંધીત પોલીસ સ્ટેશન ખાતે તેની નોંધણી અંગેનું નિયત ફોર્મ

(૧) કામદાર તરીકે રાખનાર વ્યકિતનું નામઃ-

સરનામું:-

આઈ.ડી.પ્રુફઃ-

મોબાઈલ નંબર:-

(૨) કામદાર તરીકે રહેનાર વ્યક્તિનું નામ :-

સરનામું :-

મોબાઈલ નંબર :-

આઈ. ડી. પ્રુફ :-

(૩) કામદાર તરીકે લાવનાર એજન્ટ, દલાલ, મુકાદમ નું નામ :-

સરનામું :-

મોબાઈલ નંબર :-

આઈ. ડી. પ્રુફ :-

(૪) કામદાર તરીકે અગાઉથી રાખેલ હોય તો તેની પુરી વિગત :-

નામ :-

સરનામું :-

મોબાઈલ નંબર :-

આઈ. ડી. પ્રુફ :-

સમયગાળો :-

(૫) કામદાર તરીકે રાખેલ વ્યક્તિનું કાયમી વસવાટનું નામ :-

સરનામું :-

પોલીસ સ્ટેશનનું નામ :-

(૬) કામદારના વ્યવસાયનું નામ :-

અભ્યાસ :-

(૭) કેટલા સમય માટે રોકાનાર છે :-

કામદાર તરીકે રાખનારની સહીઃ-

કામદાર તરીકે લાવનાર એજન્ટ, દલાલ, મુકાદમની સહીઃ-

કામદારની સહીઃ-

તા...../...../૨૦૨૫

નોંધઃ-

ઉપરોકત નિયત નમુના મુજબના ફોર્મમા જણાવેલ વિગત જે તે કામદારને રાખનાર માલીકે કામદારને રાખ્યા પછી ૨૪ કલાકમાં સબંધિત પોલીસ સ્ટેશનમાં લેખીતમાં આપવાની રહેશે.

આ હુકમ અન્વયે પંચમહાલ જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ કે તેથી ઉપરનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે અને તે હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તા.૧૬મી સપ્ટેમ્બર-૨૦૨૫ ના રોજ મારી સહી અને કચેરીનો સિકકો કરવામાં આવ્યો.

જે. જે. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
પંચમહાલ-ગોધરા

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ

નં.એમએજી/જાહેરનામું/૨૦૮૫ થી ૨૦૯૪/૨૦૨૫.-પોલીસ અધિક્ષકશ્રી, પંચમહાલ ગોધરાએ તેમના પત્ર ક્રમાંક : એસ.ઓ.જી./જા.દ./૧૦૧૫/૨૦૨૫ તા.૧૧/૦૯/૨૦૨૫ થી દેશની અલગ અલગ જગ્યાઓએ ભુતકાળમાં આતંકવાદી તત્વો દ્વારા બોમ્બ બ્લાસ્ટ કરી જાનહાની અને માલ મિલ્કતોને નુકશાન પહોચાડી ભયનો માહોલ સર્જવાની ઘટના ઘટેલ છે અને ત્રાસવાદી/અસામાજીક તત્વો પંચમહાલ જીલ્લાની હોટલો, ગેસ્ટહાઉસ, ધર્મશાળાઓમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાન્તીનો ભંગ કરી શકે તેમજ માનવ જીંદગીની ખુવારી થાય અને જાહેર લોકોની સંપત્તિને નુકશાન પહોચાડવાની કોશિષ કરતા હોય છે. જેથી રાજયના કે રાજય બહારના રાજયોમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્વો હોટલો, ગેસ્ટ હાઉસ કે ધર્મશાળામાં રૂમો ભાડે રાખીને રહેતા હોય છે. તે જગ્યાઓ વિગેરેનો સર્વે કરી સ્થાનિક પરીસ્થિતિથી માહીતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. આવા ગંભીર પ્રકારના ગુન્હાઓ ઉપર અંકુશ મેળવવા સારૂ હોટલ, ગેસ્ટ હાઉસ, ધર્મશાળામાં ભાડે આપતા માલીકો રૂમ ભાડેથી આપે ત્યારે નીચે મુજબની શરતોનું પાલન કરે તો ગંભીર પ્રકારના બનતા ગુનાઓ ઉપર અંકુશ લાવી શકાશે તેમજ લોકોની જાનમાલને નુકશાન થતુ અટકાવી શકાશે. આગામી દિવસોમા ધાર્મિક તહેવારો જેવા કે નવરાત્રી, દશેરા, દિવાળી, નવુવર્ષ, દેવદિવાળી જેવા મોટા તહેવારો આવતાં હોય તેમજ તહેવારો દરમ્યાન મોટાભાગે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી કથળાય નહી તેમજ સુરક્ષા સલામતીની દ્રષ્ટિએ નીચે મુજબની શરતો મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પાત્ર જણાય છે.

આથી હું જે.જે.પટેલ (જી.એ.એસ.) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ ગોધરા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ પંચમહાલ જિલ્લાની હોટલો, ગેસ્ટ હાઉસ, ધર્મશાળાઓ, મુસાફરખાના, અગત્યની સંસ્થાઓ, મંદિર, મસ્જિદ, મદ્રેસાના માલિકો, ટ્રસ્ટીઓ, સંચાલકોને નીચેની શરતોનું અક્ષારસ: પાલન કરવા આદેશ કરૂ છું.

- વિદેશી નાગરીક આવે ત્યારે તેનો પાસપોર્ટ વિઝા અને ભારતમાં આવ્યા અંગેની ડીટેઈલ સહીતની કોપી લેવી.
- યોગ્ય પ્રોફોર્મા મુજબનુ રજીસ્ટર બનાવી આવતા જતા તમામ અતિથિઓની રજીસ્ટરમાં નોંધણી કરવી.
- દેશી/વિદેશી નાગરીકને પાસપોર્ટ, વિઝા અને ભારતના સરનામાં અને વિદેશ નાગરીક તરીકે નોંધણી કરાવેલ હોય તો રેસીડેન્સીયલ પરમીટની કોપી મેળવવી અને રેકર્ડમાં રાખવી.
- દેશી/વિદેશી નાગરીકને લગતા નિયમ મુજબ સી-ફોર્મ ફોરેનર્સ રજીસ્ટ્રેશન રૂલ્સ સને.૧૯૩૯ મુજબના નમુનાના ફોર્મમાં પોલીસ અધિક્ષકશ્રી પંચમહાલ ગોધરાની ફોરેનર્સ બ્રાન્ચમાં ૨૪ કલાકમાં રીપોર્ટ સહીત રજુ કરવાના રહેશે.
- દેશી/વિદેશી વિઝીટરનું બુકીંગ કરાવનારના નામ, સરનામા ટેલીફોન સહીતના નકકર પુરાવા મેળવવા.
- કોઈપણ મુસાફરની શંકાસ્પદ હીલચાલ જણાયેથી તાત્કાલીક પોલીસ વિભાગને જાણ કરવી.
- કોઈપણ બહારના રાજયના મુસાફરો રોકાણ કરે ત્યારે સંસ્થાના જવાબદાર વ્યકિતએ તે બાબતની જાણ અને ઉપર જણાવેલ શરતો મુજબ પુરાવા સહીત સમય મર્યાદામાં સ્થાનિક પોલીસને રજુ કરવા.
- અજાણ્યા દેશી/વિદેશી નાગરીકોને હોટલો, ગેસ્ટહાઉસ, ધર્મશાળામાં પ્રવેશ આપવો નહી.

આ હુકમનો અમલ હુકમ થયા તારીખથી બે માસ સુધી અમલમાં રહેશે.

આ હુકમ અન્વયે પંચમહાલ જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ કે તેથી ઉપરનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે અને તે હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તા.૧૬મી સપ્ટેમ્બર-૨૦૨૫ ના રોજ મારી સહી અને કચેરીનો સિકકો કરવામાં આવ્યો.

જે. જે. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
પંચમહાલ-ગોધરા

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2025.10.15 16:52:41 IST